# બનાસકાંઠા વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને આખરી ઓપ

## ઇ. વી. એમ. સહિતની સામગ્રી મતદાન મથકે રવાના

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની બનાસકાંઠા વહીવટી તંત્રે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકામાં યોજનારી ચૂંટણીના મતદાનની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. સ્ટ્રોંગ રૂમમાંથી ઈ.વી.એમ મતદાન મથકે રવાના કરવામાં આવ્યાં છે.

મતદાન મથકો પર થર્મલ ગન સેનેટાઈઝર સહિતની તૈયારીઓ પણ પૂર્ણ કરી બનાસકાંઠાના પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકાની ચૂંટણીનું મતદાન યોજાઈ રહ્યું છે, જેની તૈયારીઓ વહીવટી તંત્રે પૂર્ણ કરી દીધી છે. પાલનપુર નગરપાલિકામાં ૧૧વોર્ડ માટે ૧૩૮ ઉમેદવારો મેદાનમાં છે, જેમાં ૧૨૮ મતદાન મથકો પર મતદાન થશે. જેને લઈને જગાણા એન્જિનિયરિંગ કોલેજના સ્ટ્રોંગરૂમ ખાતેથી ઈ.વી.એમ મતદાન મથકો પર રવાના કરાયા છે. કોવિડ-૧૮ ની ગાઈડ લાઈનને લઈને મતદાન મથકો પર થર્મલ ગન સેનેટાઈઝર સહિતની તૈયારીઓને પણ આખરી ઓપ અપાયો છે.


**ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો**

આ અંગે એ.એસ.પી સુશિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં પાલનપુર, ડીસા અને ભાભરની નગરપાલિકાની યોજાનારી ચૂંટણી માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. તમામ મતદાન મથકો પર પોલીસ કર્મીઓ તૈનાત રહેશે, પોલીસ પેટ્રોલિંગ ઉપરાંત ઘોડેસવાર સહિત પોલીસ મતદાન મથકોનું નિરીક્ષણ કરાશે. જયારે એ.એસ.પી, ડી.વાય.એસ.પી, પી,આઈ અને પી.એસ.આઈ કક્ષાના અધિકારીઓ સાથે પાલનપુર શહેરમાં અંદાજે ૪૦૦ થી વધુ પોલીસ જવાનો ફરજ બજાવશે.

# ભિલોડાની જેસીંગપુર ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૨૭

ગાંધીજીના ગુજરાત રાજ્યમાં દારૂબંધી નામ પુરતી હોય તેમ વધતા બુટલેગરો ધ્વારા દેશી-વિદેશી દારૂની રેલમછેલ થાય છે.




બુટલેગરો અવનવા કિમીયા અપનાવી પરપ્રાંતિય પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ રોજબરોજ ઠાલવી રહ્યા છે.સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં વિદેશી દારૂની માંગ

ભિલોડા તાલુકાના જેસીંગપુર ગામની પોલીસ ચેકપોસ્ટ પાસેથી વાહન ચેકીંગ દરમ્યાન પરપ્રાંતિય પાસ પરમીટ વગરનો વિદેશી દારૂની પેટીઓમાંથી કુલ બોટલ નંગ-૧૧૮૬ જેની કિં.રૂા.૧,૨૮,૫૫૦/-, મેક્સ જીપની કિં.રૂા.૨,૦૦,૦૦૦/- અને મોબાઈલ નંગ-૧ કિં. રૂા.૩૦૦૦/- કુલ કિં.રૂા.૩,૩૧,૫૫૦/- નો મુદ્દામાલ પોલીસએ ઝડપી લીધો હતો. પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધવામાં પોલીસને સફળતા મળી છે.

એમ.ડી.ગઢવી,પો.સ.ઈ. અને પોલીસ સ્ટાફએ વાહન ચેકીંગ દરમ્યાન જેસીંગપુર પાસેથી શામળાજી બાજુથી આવતી મહિન્દ્રા મેક્સ જીપ નંબર.જી.જે.૦૯. એમ.૧૮૯૮ ની પોલીસએ તપાસ હાથ ધરતા જીપમાં બેઠેલા બે ઈસમો ખેતરો તરફ ભાગી ગયા હતા. જીપનો ચાલક નરેશ બરંડા ઝડપાયો હતો. પરપ્રાંતિય વિદેશી દારૂ, જીપ સહિત મુદ્દામાલ પોલીસએ ઝડપી ધારાધોરણ મુજબની કાર્યવાહી પોલીસએ હાથ ધરી હતી. ઈન્ચાર્જ પો.સ.ઈ. એમ.જી.વસાવા પ્રોહિબીશનના ગુના અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે. પોલીસને વાહન ચેકીંગ દરમ્યાન જીપમાંથી પરપ્રાંતિય પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ ઝડપી લેતા પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધવામાં સફળતા મળેલ છે.




સર્વ વિદ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૪ અને ધો-૫ થી ૮ માટે WDC અંતર્ગત શિક્ષિકાઓ તેમજ મહિલાઓ તેમજ વિદ્યાર્થીનીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.



એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ સે-૨૩ની ધો-૧ની વિદ્યાર્થીનીઓ દ્વારા પેપર કટીંગ કરી ફ્લાવર્સ બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

# આજે અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાન

## જિલ્લા કલેક્ટરે જિલ્લાના મતદારોને મતદાન કરવા અપીલ કરી : મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં ૬૯૩૬૭ મતદારો આજે મતદાન કરશે

ભિલોડા,તા.૨૭

આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી યોજાશે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ અને ૬ તાલુકા પંચાયતોની ૧૨૮ તેમજ મોડાસા તથા બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે મતદાન થશે. જેને અનુલક્ષીને જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર દ્વારા મતદારોને મતદાન કરવા અપીલ કરાઈ.

આજે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો તથા ૬ તાલુકાઓ પંચાયતની ૧૨૮ તેમજ મોડાસા શહેરી વિસ્તારના ૯ અને બાયડ નગરપાલિકાની ૬ વોર્ડ પર સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાશે. જેમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જિલ્લા પંચાયતના ૮૫,તાલુકા પંચાયતના ૩૪૨ તથા બે નગરપાલિકાઓના ૧૫૦ હરીફ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જેમાં જિલ્લાના મતદારયાદીમાં સમાવિષ્ટ ૩,૭૬,૮૪૨ પુરૂષ મતદારો અને ૩,૫૯,૦૮૪ મહિલા મતદારો, ૩૬ અન્ય મતદારો મળી કુલ ૭ લાખ ૩૫ હજાર ૯૬૨ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જયારે બે નગરપાલિકા વિસ્તારના ૩૪,૮૭૮ પુરૂષ મતદાતા, ૩૪,૪૮૬ સ્ત્રી મતદાતાઓ અને ૩ ત્રીજી જાતિના મતદારો મળી કુલ ૬૯ હજાર ૩૬૭ મતદાતા મતદાન કરશે. જેમાં જિલ્લા-તાલુકા પંચાયતની બેઠકો માટે ૯૯૭ મતદાન મથક જયારે નગરપાલિકાની ૧૫ બેઠકો માટે ૮૩ મતદાન મથકો નિયત કરાયા છે.




ગાંધીનગર સ્થિત એસ.એસ.વી. શાળાના ધોરણ-૬ થી ૮ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયમાં રૂચિ વધે તે માટે વિજ્ઞાનની અલગ અલગ પ્રયોગશાળામાં લઈ જઈ માહિતગાર કરવામાં આવ્યા હતા.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૫૧ કેસ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૨૬૨૮૧૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૦૬ કેસ

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા હતા. અને ચૂંટણી ટાણે તો જાણે એમ લાગ્યું કે કોરોનાએ રાજ્યમાંથી વિદાય લઈ લીધી છે. જે પ્રકારના આંકડાઓ આવી રહ્યા હતા તેને જોઈને લાગતું હતું કે સરકારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સાથે સાથે કોરોના સામે પણ વિજય પ્રાપ્ત કરી લીધો છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો હતો. કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવવા લાગ્યો હતો. જો કે જેવી ચૂંટણી પુરી થઈ તેમ તરત જ કોરોના પરથી પણ જાણે આચાર સંહિતા હટી હોય તેમ કોરોના બેકાબુ બની ગયો છે. બે જ દિવસની અંદર કોરોનાના આંકડા બમણા થઈ ચુક્યા છે.

આજે રાજ્યમાં નવા ૪૫૧ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૨૮ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૫૩ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. બીજી તરફ રાજ્યમાં ભાવનગર, બોટાદ, ડાંગ, પાટણ અને સુરેન્દ્રનગર એમ કુલ ૦૫ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨૨૫૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૩૬ વેન્ટિલેટર પર છે. ૨૨૨૨ નાગરિકો સ્ટેબલ છે.

## સમાચાર રફ્તાર

- પાકિસ્તાનની વધુ એક નાપાક હરકત, પોરબંદરની દરિયાઈ સીમામાંથી ત્રણ બોટ સાથે ૧૮ માછીમારોના અપહરણ.
- રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટ વચ્ચે રાજકીય સમાધાન થયાનો સંકેત, એક જ હેલીકોપ્ટરમાં પ્રવાસ.
- ભારતને ડબલ્યુ.એચ.ઓ.ના મહાનિર્દેશકે અભિનંદન પાઠવ્યા. ૪૦ થી વધુ દેશોમાં કોરોનાની રસી પહોંચાડવા માટે સરાહના કરી.
- કોંગ્રેસમાં નવા જૂનીના એંધાણ, નારાજ નેતાઓ જમ્મુ પહોંચી રહ્યા છે.
- વિદેશી રોકારણમાં ફરી તેજી.
- યવતમાલમાં વિકેન્ડ લોકડાઉન, આરંગાબાદમાં નાઈટ કરફ્યુ.
- મહારાષ્ટ્રના રાજ્યમંત્રી સતેજ પાટીલે સોશિયલ મીડિયાના નિયંત્રણો બાબતે આક્રોશ વ્યક્ત કર્યો.
- નાઈજીરીયામાં બંદૂકધારીઓએ ૪૦૦ વિદ્યાર્થીઓનું અપહરણ કર્યુ.
- દેશની સૌથી મોટી મ્યુચ્યુઅલ ફંડ હાઉસ કંપની ૭,૫૦૦ કરોડના આઈપીઓ લાવશે.
- પેટ્રોલ-ડીઝલના ભાવમાં અનુક્રમે ૨૩ અને ૧૬ પૈસાનો વધારો.
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬,૪૨૮ કોરોનાના નવા કેસ.
- તામિલનાડુ ભાજપ કોર કમિટિ સાથે અમિત શાહ આજે બેઠક કરશે.
- સુરત પાસે વહેલી સવારે ૩.૧ની તિવ્રતાવાળો ભૂકંપનો આંચકો નોંધાયો.
- તામિલનાડુના નેતા અને અભિનેતા કમલહસને ૩જી માર્ચથી ચૂંટણી પ્રચાર કરવાની જાહેરાત કરી.

# પાલનપુર - આબુ હાઈવે ઉપર ટ્રક અને ટ્રેકટર વચ્ચે ટક્કર

## હાઈવે ઉપર વાહનોના ખડકલાથી ટ્રાફિકજામ

રાજયમાં અકસ્માતની ઘટનાઓમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેમ જેમ વાહનો વધતા જાય છે તેમ તેમ અકસ્માત પણ વધતા જાય છે. ગઈકાલે રાત્રે બનાસકાંઠાં જિલ્લાના પાલનપુર-આબુ હાઈવે પર ટેક્ટર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ થયું હતું. જેના ઝઝ્રફ પણ સામે આવ્યા છે.

પાલનપુર-આબુ હાઈવે પર અકસ્માતમાં વણથંભી વણઝાર યથાવત જોવા મળે છે. રાત્રીના સમયે આબુરોડ-પાલનપુર નેશનલ હાઈવે બાલારામ બ્રીજ પર ટ્રક અને ટેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે પર અંદાજે ૭૦૦થી વધુ વાહનો ફસાયા હતા. ન્ર્ વિભાગ કન્ટ્રોલના નેશનલ હાઈવે પર મોટા ભાગના અકસ્માતની ઘટના ઓ ઝઝ્રફ માધ્યમથી ન્ર્ વિભાગના કર્મચારીઓને જાણવા મળે છે.

ગઈકાલે રાત્રે ટ્રક અને ટેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા નેશનલ હાઈવે પર ટ્રાફીક જામ થઈ જવાથી હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી. જ્યારે ન્ર્ વિભાગના કર્મચારીઓને ઝઝ્રફ કેમેરામાં વાહનોની લાંબી કતારો જોવા મળતાં ન્ર્ વિભાગના કર્મચારીઓ સત્વરે ઘટના સ્થળ પર પહોંચી ટ્રાફિક નિયંત્રણ કરાવ્યું હતું.

# લેકાવાડા ગામના ૪૦ વર્ષિય યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

લેકાવાડા ગામના ૪૦ વર્ષિય યુવકે ખેતરમાં ઝાડની સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ખેતરે ગયેલો યુવક સમય થવા છતા પરત ન ફરતા તેના કાકાએ ખેતરમાં તપાસ કરતા બોરકુવા પાસે ભત્રીજાનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લેકાવાડા ગામનો અખિલસિંહ ભુપતસિંહ વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે. અખિલસિંહ સેકટર-૧૧ રાધે કોમ્પ્લેક્ષ ખાતે આઈકેર દુકાનમાં નોકરી કરતો હતો. અખિલસિંહના કાકા શુક્રવારના રોજ મોડીસાંજે ખેતરમાં ગયા હતા. તે સમયે ભાગીયાએ અખિલસિંહ ઘણા સમયથી ખેતરમાં ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી તેઓ બોરકુવા પાસે ગયા ત્યારે ભત્રીજા નો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો. બનાવ અંગે પરિવારને જાણ કરતા તાત્કાલીક તેના પિતા સહિતના સભ્યો દોડી આવ્યા હતા. ૧૦૮ માં પરિવારજનો ગાંધીનગર હોસ્પિટલ લઈને આવતા ડોકટરે યુવકને ચેક કરીને મૃત જાહેર કર્યો હતો.બનાવની જાણ થતા ચિલોડા પોલીસના જવાનો હોસ્પિટલ દોડી આવ્યા હતા. યુવકનું પીએમ કરાવી મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મળતી વિગત પ્રમાણે યુવક પરિણિત હતો અને તેની પત્નિ છેલ્લા ૧૦ વર્ષથી ૮ વર્ષની દિકરી સાથે પિયરમાં છે અને પત્નીએ યુવક સામે દહેજ અને ભરણપોષણ મેળવવા માટે કેસ પણ દાખલ કર્યો હતો. યુવકે કયાં કારણોસર આપઘાત કર્યો તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. જેથી પોલીસે મૃત્યુનું કારણ જાણવા માટે તપાસ આગળ ધપાવી છે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ....

વપરાતા ગુજરાતી શબ્દો સાચા છે પણ વ્યવહારમાં વાપરવા કેટલે અંશે યોગ્ય છે ? પેન ડ્રાઈવ, હાર્ડ ડિસ્ક કે ટ્વીટર માટે ગુજરાતી શબ્દો મળે તો ય એને કોણ વાપરશે ? આવી ભદ્રંભદ્રીય માતૃભાષાનો વિરોધ તો છેક પંડિત યુગ વખતે થઈ ચૂક્યો છે. જ્યાં અંગ્રેજી શબ્દો પ્રચલિત છે ત્યા અંગ્રેજી શબ્દો જ વાપરવા જોઈએ. અરબી ફારસી કે હિંદી છે ત્યા એ જ વાપરવા જોઈએ. માતૃભાષાને ભદ્રંભદ્રીય બનાવી સમાજમાં હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાવાનું કોણ પસંદ કરશે ? માતૃભાષાના ચૂસ્ત સંવાહકો પણ ઘરમાં, ઓફિસમાં કે બજારમાં તો મોબાઈલ. કૉમ્પ્યુટર, કાર, સ્કૂટર, ઈન્ટરનેટ, ઈ-મેલ જેવાં અનેક અંગ્રેજી શબ્દો જ બોલે છે. તો પછી બીજાને શા માટે .... ? હા, જુના જે તળપદા શબ્દો છે. એના રક્ષણ માટે કંઈક કરવાની જરૂર છે. પણ એ તળપદા/દેશ્ય શબ્દોનો ઉપયોગ આજે આ ૨૧મી સદીમાં કેટલા લોકો કરશે ? અને આમેય સમય બદલાય એમ ભાષા, શબ્દો, અર્થો.. બધુ બદલાવાનું જ છે. અને બદલાવું પણ જોઈએ. જો શબ્દો વિલાતા જાય છે તો નવા શબ્દો ઉમેરાતા પણ જાય છે.

અંગ્રેજી ભાષા વિશ્વની બધી ભાષાને પોતાનામાં સમાવે છે અપનાવે છે. અંગ્રેજી સાહિત્ય આધુનિક યુગની બધી ભાષાના સાહિત્ય કરતા ખૂબ આગળ છે. અંગ્રેજી ભાષા વ્યક્તિનો આત્મવિશ્વાસ વધારે છે. અંગ્રેજીનો વિદ્યાર્થી દુનિયાના કોઈપણ દેશમાં જઈને કોઈપણની સાથે સામાજિક, સાહિત્યિક, વ્યાવસાયિક, રાજનીતિક વૈચારિક આદાન પ્રદાન, સંવાદ કરી શકે છે. પણ જે માત્ર પોતાની જ માતૃભાષાનો ઝંડો લઈને ગ્રેજ્યુએશન કે ઉચ્ચ ડિગ્રીધારી હશે તો પણ તેનું મૂલ્ય ને મહત્ત્વ માત્ર માતૃભાષા સુધી સીમિત રહેશે. જ્યારે અંગ્રેજીથી વૈશ્વિક વિચારકો, વૈજ્ઞાનિકો, રાજનીતિજ્ઞો, બૌધિકો, સર્જકોના ગ્રંથો વાંચી શકાય છે. એમના વિચારો જાણી શકાય છે. આજની પ્રવાહી વૈશ્વિક પરિસ્થિતિમાં અમેરિકા, જાપાન, કોરિયા, રશિયા, ચીન કે કોઈપણ દેશના વડાપ્રધાન કે બૌધિકો શું વિચારે છે, બોલે છે તે અંગ્રેજી આવડતું હશે તો જ જાણી શકાશે. પરંતુ આપણી કરૂણતા છે કે આપણે ત્યાં શિક્ષણનીતિ કે ભાષાનીતિને નામે રાજનીતિ થાય છે. અને આવી ખૂબ જ ગંભીર બાબતોની ચર્ચાઓ થતી નથી. પરિણામે આજની અને આવતીકાલની ભાવિ પેઢીઓનું ભાવિ આપણે જ અંધકારમય બનાવી રહ્યાં છીએ.

-9426060601.india@gmail.com

# સિવિલ હોસ્પિટલના કેશીયર ચમનજી ઠાકોર નિવૃત થતા વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી કેશીયર તરીકે ફરજ બજાવતા ચમનજી શકરાજી ઠાકોર વય નિવૃત થતા તેઓનો વિદાય સમારોહ ઓપીડી બિલ્ડીંગના કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણીએ કેશીયર ચમનજી ઠાકોરને શ્રીફળ અને મોમેન્ટો આપી તેમનુ નિવૃત જીવન સુખમય અને આરોગ્યમય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કેશીયર તરીકેની ચમનજી ઠાકોરની સેવાઓને પણ બિરદાવી હતી. આ વિદાય સમારોહમાં હોસ્પિટલના આરએમઓ ડો.સુધાબેન શર્મા, ડે.આરએમઓ ડો.કલ્પેશ જશપરા, ડો.કલ્પેશ પરીખ, વહીવટી અધિકારી, એકાઉન્ટ ઓફિસર, એએચએ, તેમજ વહીવટી તેમજ હિસાબી સહિત નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ તેમજ ફાર્માસિસ્ટ હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી વાહનચોરોએ પોલીસની ઉંઘ ઉડાડી દીધી હતી. સતત વધી રહેલી વાહનચોરીને પગલે પોલીસ દોડતી થઈ ગઈ હતી. ત્યારે સેકટર-૭ પોલીસ મથકના ડી સ્ટાફે ચોરીના ૪ બાઈક સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને પકડી પાડ્યો છે. પોલીસે ગણતરીના દિવસોમાં કુલ રૂ.૫૫ હજારના ૪ બાઈક કબ્જે કરી ૪ બાઈક ચોરીનો ભેદ ઉકેલી દીધો છે. જાહેર ભીડવાળી પાર્કિંગની જગ્યાએ લોક માર્યા વિનાના પાર્ક કરેલા વાહનોની રેકી કરી બીજી ચાવીથી ખોલી ચોરી કરી લઈ જઈ પેટ્રોલ ખુટે તે જગ્યાએ રેઢુ મુકી વાહન ફેરવવા માટે પોતાના મોજશોખ માટે ચોરી કરવાની એમઓ સંઘર્ષમાં આવેલ કિશોર ધરાવે છે. પોલીસે સીસીટીવી ફુટેજની મદદ થી ઝડપી પાડ્યો હતો.



## નવા સીમાંકન... ● છેલ્લા પાનાનું ચાલુ

તેવા કાનૂની મુદ્દાઓ તેમજ અનામત બેઠકોની ફાળવણીને લઈ સેક્ટરો અને ગ્રામ્ય વિસ્તારોના કરાયેલા ટુકડા જેવા મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જીપીએમસી એક્ટની કલમો ટાંકીને વાંધા મુદ્દાઓ રજુ કર્યા છે. તેમણે વોર્ડ નં. ૬ અંગેનો વાંધો રજુ કરતાં જણાવ્યુ છે કે અગાઉના વોર્ડ નં. ૬ માં સે. ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ધોળાકુવાનો સમાવેશ થતો હતો નવા સુધારામાં સે. ૬, ૭, ૮, ૧ અને રાંદેસણ, રાયસણ તેમજ કોબાનો સમાવેશ થાય છે.

અમારા વાંધા મુજબ ખરેખર નવા વોર્ડમાં સે. ૬, ૭, ૮, ૧ તેમજ રાંદેસણ, રાયસણ અને કોબામાં સે. ૧ થી રાંદેસણની જમીન સરહદ વચ્ચે એક તરફ ધોળાકુવા અને બીજી તરફ ઈન્ફોસીટી આવે છે અને ત્યારબાદ બાકીનો વિસ્તાર આવે છે તો સંરચના ભૌગોલિક રીતે સુસંગત નથી. તેમજ આ વોર્ડમાં સુધારો કરી સે. ૬, ૭, ૮, ૩ નો થાય તો ભૌગોલિક રીતે તે સુસંગત થાય અને વસ્તી મુજબ ૨૮ હજારનો વોર્ડ થાય છે. તો નિયમ મુજબ સુધારો કરવો અને નવા સીમાંકનમાં ભૌગોલિક રીતે સુસંગત કરવામાં આવે તે પણ જરૂરી છે.

ડૉ. ચાવડાએ વોર્ડ નં. ૨ માં પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૧ થી ૫ જીઈબી ચરેડી છાપરા, આદિવાડા ગામનો સમાવેશ કરેલ છે તે અંગે પણ વાંધા મુદ્દો રજુ કર્યો છે. તેમણે પેથાપુર ન.પા.ના વોર્ડ નં. ૬ નો સમાવેશ ન કરાયો તે યોગ્ય ન હોવાનું જણાવી વાંધો રજુ કરી જણાવ્યુ છે કે ભૌગોલિક સુસંગતતા તેમાં જણાતી નથી. વોર્ડ નં. ૪ માં સમાવિષ્ટ પાલજ, બાસણ, ઈન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા, સે. ૨૦ અને સે. ૨૯ નો કેટલોક ભાગ વોર્ડ નં. ૪ માંથી કાઢી વોર્ડ નં. ૫ માં સમાવેશ કરવામાં આવેલ છે. સે. ૨૯ આખુ વોર્ડ નં. ૩ માં સમાવેશ કરવો જોઈએ અને સે. ૨૦નો કેટલોક ભાગ વોર્ડ નં. ૪ માંથી દૂર કરી વોર્ડ નં. ૫ માં સમાવવા જોઈએ તેવી રજુઆત કરી છે. અનામત બેઠકોના રોટેશન અંગે પણ વાંધાઓ તંત્રને મળ્યા છે. શહેરના નવા સીમાંકનમાં રાજકીય લાભ ખાટવાને બદલે અપજશના ટોપલાં બાંધ્યા હોવાનો ગણગણાટ ભાજપમાં છે. જો કે કેટલાક કાર્યકરોના નામે આ રજુઆતો કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧લીએ ઓફિસ ખુલ્યા બાદ નવા સીમાંકન અંગેના વાંધાઓની પૂર્તતા માટે મનપાના તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ થશે અને બે દિવસમાં પુર્તતાઓ સાથે અહેવાલ જિલ્લા કલેક્ટરને રજુ કરવામાં આવશે. પાલજ ગામને લઈ પણ વાંધા રજુ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પેથાપુરમાંથી પણ કેટલાક વાંધાઓ તંત્રને મળ્યા છે. જેમાં ભૌગોલિક સુસંગતતાને લઈ વાંધા છે. સે. ૪ નો જે રીતે સમાવેશ ખોરજ અને અન્ય ગામો સાથે કરવામાં આવ્યો છે તેમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ વચાળે આવે છે તે વાત રજુ કરી વાંધા મુદ્દા રજુ થયાનું જાણવા મળેલ છે.